ગાંધીનગર સમાચાર

ફોન પર એટીએમ પીન મેળવી છેતરપીંડી કરાઈ

## @ગાંધીનગર

• પેથાપુર ખાતે રહેતા પંચાલ અશોકભાઈના નિવાસસ્થાને બપોરે ૨.૩૦થી ૫.૩૦ કલાક દરમિયાન વૈશાલીબેન દરજીના કંઠે આનંદનો ગરબો યોજાશે.

• રાજય અને દેશમાં વાહન વધારો થતાં પ્રદૂષણ, ટ્રાફિક અને શહેરી પરિવહનની સમસ્યાના ઉકેલ માટે ગાંધીનગર ખાતે આજથી ચાર દિવસીય અર્બન મોબીલીટી ઈન્ડિયા કોન્ફરન્સનો પ્રારંભ થશે.

• શહેરી વિકાસ મિશન અંતર્ગત આજીવીકા કેન્દ્રનું કેન્દ્રીય શહેરી વિકાસ મંત્રી વેંકૈયા નાયડુના હસ્તે ઉદઘાટન કરવામાં આવશે.

# શહેરમાં જલારામ જયંતિ ધામધૂમથી ઉજવાઈ

## જલારામ મંદિર ખાતે અખંડ ધુન, અન્નકુટ દર્શન, શોભાયાત્રા સહિત મહાઆરતીનો લાભ લઈ ભકતોએ ધન્યતા અનુભવી

ગાંધીનગર, તા.૭

જલારામ બાપાની ૨૧૭મી જયંતિ પ્રસંગે શહેરના સુપ્રસિધ્ધ જલારામ ધામ ખાતે ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. જલારામ સેવા સમાજ દ્વારા સવારે ૮.૦૦ કલાકે બાપાની ભવ્યાતિભવ્ય શોભાયાત્રા નીકળી હતી જેમાં હજ્જારો ભકતો જોડાયા હતા જયારે દિવસ દરમિયાન વિવિધ ધાર્મિક કાર્યક્રમોને અનુલક્ષી મંદિર પરિસરમાં ધાર્મિક વાતાવરણ સર્જાયું હતું. જલારામ મંદિરે સાંજે મહાઆરતીમાં પણ ભકતોનું ઘોડાપુર ઉમટયું હતું અને બાપાના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. આ પ્રસંગે શહેરના મેયર, ધારાસભ્ય સહિત કોર્પોરેટરો અને આગેવાનો હાજર રહ્યા હતા.

સમગ્ર રાજયમાં જલારામ બાપાની ૨૧૭મી જયંતિની રંગેચંગે ઉજવણી કરવામાં આવી હતી. બાપાના ભકતો દ્વારા વિવિધ જલારામ ધામ ખાતે ધાર્મિક તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું ત્યારે ગાંધીનગર શહેરના જલારામ સેવા સમાજ દ્વારા સેકટર-૨૯ જલારામ ધામ ખાતે જલારામ જયંતિની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. જેમાં સવારે ૮ કલાકે બાપાની ભવ્ય શોભાયાત્રા નીકળી હતી. આ શોભાયાત્રા શહેરના 'ઘ' માર્ગ પરથી પસાર થઈને સેકટર-૭ ભોજલરામ મંદિર ખાતે પહોંચી હતી. શોભાયાત્રામાં સંગીતના સથવારે ભકતો ઝુમી ઉઠયા હતા. શોભાયાત્રા નાગરીકો માટે આકર્ષણું કેન્દ્ર બની હતી. પ્રસ્થાન સમયે શોભાયાત્રામાં શહેરના મેયર



પ્રવિણભાઈ પટેલ હાજર રહ્યા હતા. જયારે યાત્રામાં જોડાયેલ ભકતોને ઘ-૪ પાસે શૈલેષભાઈ મજેઠીયા પરિવાર દ્વારા ચા નાસ્તાનું વિતરણ કરવામાં આવ્યું હતું. જલારામ મંદિર ખાતે સવારના ૬.૩૦થી સાંજના ૬.૪૫ સુધી અખંડધુન યોજાઈ હતી જયારે બપોરના ૪ થી ૯ દરમિયાન અન્નકુટ દર્શનનો લ્હાવો ભકતોએ લીધો હતો. જયારે સાંજના ૬.૪૫ કલાકે મહાઆરતી યોજાઈ હતી. જેમાં શહેરના સામાજીક-રાજકીય આગેવાન સહિત મોટી સંખ્યામાં ભકતો જોડાયા હતા. મહાઆરતીનો લાભ મેળવી ભકતોએ ધન્યતા અનુભવી હતી. જલારામ સેવા સમાજ દ્વારા મહાઆરતીમાં ઉપસ્થિત તમામ ભકતો માટે ભોજન પ્રસાદનું આયોજન કરાયું હતું. જેમાં હજ્જારો ભકતોએ ભોજન પ્રસાદનો લ્હાવો લીધો હતો. દિવસ દરમિયાન આયોજીત વિવિધ ધાર્મિક કાર્યક્રમોને પગલે સમગ્ર સેકટર અને મંદિર પરિસરમાં ધાર્મિક વાતાવરણ છવાયું હતું. બાપાના દર્શન કરી હજ્જારો ભકતોએ ધન્યતા અનુભવી હતી.

## વાતવાતમાં

• ગાંધીનગરના કુડાસણ વિસ્તારની સ્વામિનારાયણ ધામ ઈન્ટરનેશનલ સ્કુલના સ્પોર્ટસ કો ઓર્ડીનેટર હરજેન્દરસીંઘ ગીલનો સોમવારે સાંજે એક જાણીતી રડિયો એફએમ ચેનલ પર ઈન્ટરવ્યુ પ્રસારિત કરાયો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે ૮ હજારથી વધુ વિદ્યાર્થીઓને યોગ, મલખમ અને કરાટેની તાલીમ સાથે ૨ લાખથી વધુ વિદ્યાર્થીઓને સેલ્ફ ડિફેન્સની તાલીમ આપવા બદલ હરજેન્દરસીંઘ ગીલનો આ ઈન્ટરવ્યુ કરવામાં આવ્યો હતો.

• ગાંધીનગરની સિવિલ હોસ્પિટલ ખાતે તાજેતરમાં કોમન રિવ્યુ મોનીટરીંગ સીઆરએમ ટીમે મુલાકાત લઈ હોસ્પિટલની કામગીરીની સમીક્ષા કરી હતી. આ મોનીટરીંગ ટીમ ફરીથી ગમે ત્યારે આવી તપાસ કે પુછપરછ કરે તેવી હોસ્પિટલના કર્મચારીઓમાં ચર્ચા ચાલી રહી છે.

• શહેરના સે-૨૭ ખાતે હાલ ચીપ ટાઈપ શોપીંગ સેન્ટરનું રિનોવેશનનું કાર્ય હાથ ધરાયું છે. અત્રે ઉલ્લેખનીય છે કે પાટનગરના નિર્માણ માટે જમીન આપનાર ખેડૂતોને આ શોપીંગ સેન્ટરમાં દુકાનો ફાળવવામાં આવી હતી.

• શહેરમાં જલારામ જયંતિની ભારે ભાવપૂર્ણ ઉજવણી કરાઈ હતી. જેમાં શહેર ઉપરાંત આસપાસના ગામોમાંથી મોટી સંખ્યામાં દર્શનાર્થીઓ ઉમટી પડયા હતા. અને શોભાયાત્રા, મહાઆરતી તથા ખીચડી પ્રસાદ વગેરેનો લ્હાવો લીધો હતો.

# લાભપાંચમે ગાંધીનગરના કલાકારોએ કર્યું 'સુરમધુર' મુહુર્ત





ગાંધીનગર, તા.૭

ગાંધીનગરની જૂનામાં જૂની કલાસંસ્થા 'સુરમધુર' દ્વારા કલાકાર-કસબીઓ અને કલારસિકો માટેના એક ભવ્ય સ્નેહમિલનનું આયોજન લાભપાંચમની સાંજે સેકટર-૪-એ ખાતે 'સુરમધુર'ના આંગણે થયું. સતત ૨૨મા વર્ષે કરેલ આ આયોજનમાં ગાંધીનગર જિલ્લાના તમામ કલાક્ષેત્રના કલાકારોએ હાજર રહી 'મા સરસ્વતી' સમક્ષ પોતાની કલા પ્રસ્તુતિ કરી કાર્યક્રમને એક અનેરી ઉંચાઈ બક્ષી હતી. સાત વર્ષના તિર્થ ભટ્ટ અને અનન્યા થોરાતથી લઈને ઉદય શુકલ જેવા નગરના 'સિનીયર મોસ્ટ' કલાકારોએ પોતાની સુંદર પ્રસ્તુતિ કરી હતી. સુરમધુરનાં કલાકારો સુરેશ રત્નોત્તર, દિગંત ભટ્ટ, મુકેશ પરમાર, વેદાંત દવે, શીતલ દવે અને અપર્ણા પંડયા સહિત નગરના અન્ય કલાકારોએ પણ સુંદર અને સુરીલી પ્રસ્તુતિ કરી વાતાવરણને સંગીતમય બનાવી દીધું હતું. વાદ્યવૃંદમાં સંસ્થાના ધાર્મિક દવે, ધર્મેન્દ્ર તપોધન, હેમંત સોની, હિમાંશુ ગાયકવાડ, રમી નાડિયા અને જીગાભાઈ (મોરબી) વિગેરેએ સુંદર સંગતી કરી કાર્યક્રમને દિપાવ્યો હતો. ગાંધીનગરના સન્માનનીય કથાકાર અને 'સુરમધુર'ના પ્રથમ સભ્ય કનૈયાલાલ પંડયા અને ગાંધીનગર કલ્ચરલ ફોરમના કારોબારી સભ્ય તથા ઘેઘૂર અવાજના માલિક હિરેન ભટ્ટે મનનીય પ્રવચન આપી શુભેચ્છાઓ પાઠવી હતી. કાર્યક્રમનું સંચાલન સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી મયંક દવેએ કર્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા સંસ્થાના ટ્રસ્ટીઓ વીણાબેન દવે, ડૉ. વિજય ઉપાધ્યાય, સ્મિતા અધવર્યુ સહિત સંસ્થાના નંદ દવે, મેહુલ ગજ્જર, મેઘ બુચ, મહર્ષિ રાવલ અને નિરવ પંડયા વિગેરેએ ભારે જહેમત ઉઠાવી હતી.

કાર્યક્રમના અંતે બધા કલાકારોએ ગરબે રમી કાર્યક્રમને એક અનેરી ઉંચાઈ બક્ષી કાર્યક્રમને સંપન્ન કર્યો હતો.

# ફોન પર એટીએમ પીન મેળવી છેતરપીંડી કરાઈ

## સે-૨૬ના યુવાનના ખાતામાંથી રૂ. ૮૨૦૦ની ખરીદી અને રૂ. ૧૫૦૦ રોકડા ઉપાડી કુલ રૂ. ૯૭૦૦ની છેતરપીંડી

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર શહેરમાં નાગરીકોના બેંક એકાઉન્ટ તેમજ એટીએમની આંકડાકીય માહિતી લઈ બેંક એકાઉન્ટમાંથી રૂપિયાની ઉઠાંતરી થઈ હોવાના કિસ્સા પ્રકાશમાં આવ્યા હતા. શહેરમાં નનામા ફોન કોલ્સથી કેટલાય નગરજનો છેતરપિંડીનો ભોગ બન્યા છે ત્યારે સરકાર દ્વારા અને પોલીસતંત્ર દ્વારા નનામા ફોન કોલ્સથી સાવચેત રહેવા નાગરીકોને અપીલ કરે છે. તેમ છતાં નાગરીકો ભોળવાઈ જાય છે અને છેતરપિંડીનો ભોગ બને છે ત્યારે શહેરના સે-૨૬ ખાતે રહેતા પ્રિયંક જાનીને આજે ફોન આવ્યો હતો જેમાં સામે છેડેથી હું મુંબઈ દેના બેંકની એટીએમની મુખ્ય શાખાથી બોલુ છું તેમ કહી વિવિધ વાતચીત કરીને યુવાનને વિશ્વાસમાં લઈ એટીએમનો ૧૬ આંકડાનો નંબર જાણી લીધો હતો અને ત્યારબાદ ફોન મુકી દીધો હતો. આ ફોન બંધ થયાની ગણતરીની મીનીટોમાં યુવકના એકાઉન્ટમાં પડેલા રૂપિયામાંથી રૂ. ૮૨૦૦ની ખરીદી તેમજ રૂ. ૧૫૦૦ કેશ ઉપડી ગયા હતા. જેનો મેસેજ આવતા યુવાનને પોતે છેતરાયો હોવાની જાણ થઈ હતી. બનાવ અંગે યુવાને પોલીસ મથકે જાણ કરતા પોલીસે ફરિયાદ લઈ વધુ તપાસ હાથ ધરી છે.

# ઠાકોરજીના 'મંગળાથી શયન દર્શન' હવે મોબાઈલ એપ પર

## પૂ. વ્રજરાજકુમારજીના સાંનિધ્યમાં વચનામૃત અને અન્નકૂટ દર્શન યોજાયા : મોટી સંખ્યામાં વૈષ્ણવોએ લાભ લીધો

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર વૈષ્ણવ સમાજ દ્વારા તા. ૪થી નવેમ્બરે સે-૨૧માં ગોવર્ધનનાથજીની હવેલી ખાતે પૂ. વ્રજરાજકુમારજી મહોદયના સાંનિધ્યમાં યોજાયેલ વચનામૃત અને અન્નકુટ દર્શનનો લાભ પાટનગર તથા આસપાસના વિસ્તારના ભાવિક વૈષ્ણવોએ મોટી સંખ્યામાં લીધો હતો. આ કાર્યક્રમમાં યુવા પેઢી માટે ઠાકોરજીના 'મંગળાથી શયન દર્શન' સુધીના દર્શન અનુકુળતા મુજબ કરાવતી મોબાઈલ એપ અંગે પણ જાણકારી તેમણે આપી હતી.

પૂ. વ્રજરાજકુમારજીએ વચનામૃતમાં ભાવિક વૈષ્ણવોને ઠાકોરજીની સેવા-દર્શનને લગતી મુંઝવણો અંગે ઉપયોગી જાણકારી આપતા જણાવ્યું હતું કે વૈષ્ણવના ઘરમાં સેવામાં, હવેલી મંદિરમાં તેમજ નાથદ્વારામાં બિરાજતા ઠાકોરજીનું સ્વરૂપ એક જ છે અને વૈષ્ણવો હવેલી મંદિરમાં



માત્ર ઠાકોરજીને લાડ લડાવવા આવે છે. આ સાથે તેમણે આજની યુવા પેઢી માટે તેમની અનુકુળતાના સમયે ઠાકોરજીના દર્શન કરી શકે તે માટેની મોબાઈલ એપ લોન્ચ કરાઈ હોવાની જાણકારી આપી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે હવેલી મંદિરમાં ૨૪ વર્ષ બાદ ઠાકોરજીએ વલ્લભકુળની હાજરીમાં અન્નકૂટની સામગ્રી આરોગી છે તે માટે વૈષ્ણવોએ ધન્યતા અનુભવી હતી.

# સે-૪ના હર્મિત પટેલની ઓલ ઈન્ડિયા ઈન્ટર યુનિવર્સિટી ચેમ્પિયનશીપ માટે પસંદગી

## અમૃતસર ખાતે રમાઈ રહેલ રાયફલ એન્ડ પિસ્ટલ શુટિંગ ચેમ્પિયનશીપમાં ગુજરાત યુનિવર્સિટી વતી ૧૦ મી. પિસ્ટલ શુટિંગ માટે પસંદગી પામ્યા

ગાંધીનગર, તા.૭

ગાંધીનગરના યુવા ખેલાડીઓ વિવિધ રમતોમાં અગ્રીમતા મેળવી શહેરનું નામ રોશન કરી રહ્યા છે. શહેરમાં હવે લગભગ દરેક રમતમાં આશાસ્પદ પ્રતિભાઓ ઉભરીને બહાર આવી રહી છે. હાલ સેકટર-૪માં રહેતા હર્મિત પટેલ પંજાબના અમૃતસર ખાતે ચાલી રહેલ ઑલ ઈન્ડિયા ઈન્ટર યુનિવર્સિટી રાયફલ એન્ડ પિસ્ટલ શુટિંગ ચેમ્પિયનશીપમાં ગુજરાત યુનિવર્સિટી તરફથી પસંદગી પામ્યા છે.



પંજાબના અમૃતસર ખાતે તા. ૯મી ઓકટોબરથી ઑલ ઈન્ડિયા ઈન્ટર યુનિવર્સિટી રાયફલ એન્ડ પિસ્ટલ શુટિંગ કોમ્પિટીશનનો ગુરુ નાનકદેવ યુનિવર્સિટી ખાતે પ્રારંભ થયો છે. આ સ્પર્ધામાં દેશભરની યુનિવર્સિટીના ખેલાડીઓ રાયફલ શુટિંગ તથા પિસ્ટલ શુટિંગમાં વિવિધ રેન્જ અને કેટેગરીમાં ભાગ લઈ રહ્યા છે. ગાંધીનગરના સેકટર-૪માં રહેતા હર્મિત પટેલ ગુજરાત યુનિ.માં બીએસસીના બીજા વર્ષમાં અભ્યાસ કરી રહ્યાં છે અને તેઓ પિસ્ટલ શુટિંગની રમત રમે છે. ગુજરાત યુનિવર્સિટીની ટીમમાં તેમની અમૃતસર ખાતે રમાઈ રહેલ ઑલ ઈન્ડિયા ઈન્ટર યુનિ. ચેમ્પિયનશીપ સ્પર્ધા માટે ૧૦ મીટર પિસ્ટલ શુટિંગની રમતમાં પસંદગી થવા પામી છે. હર્મિત પટેલ હાલ આ સ્પર્ધામાં ભાગ લેવા અમૃતસર પહોંચી ગયા છે. તેમની પસંદગીના પગલે શહેરના ખેલ રસિકોમાં આનંદનું મોજું ફરી વળ્યું છે અને મિત્રો તથા શુભેચ્છકોએ તેમને સ્પર્ધામાં ઉત્કૃષ્ઠ પ્રદર્શન માટે શુભેચ્છાઓ પાઠવી છે.

# દિવાળીમાં અપેક્ષા કરતા ઓછા વેપારે વેપારીઓના મોઢાં કટાણાં થયા

## સુપર મૉલ કલ્ચર પછી 'ઓનલાઈન'ના ક્રેઝે મધ્યમ અને નાના વેપારીઓની દિવાળી બગાડી : સતત વધતી મોંઘવારી, રજાઓમાં હરવા-ફરવાનો વધતો ક્રેઝ અને પાચળ આવી રહેલ લગ્નસરાની સીઝને દિવાળીની ખરીદીમાં કાપ મુકાવ્યો : વેપારીઓની મુડી તો નીકળી પરંતુ કમાણી વધેલા 'સ્ટોક'માં સમાણી

ગાંધીનગર, તા.૭

દિવાળી આવી અને ગઈ, સાથે ઉલ્લાસ તથા ઉજાસ લાવી અને થાક તથા ખર્ચા કરાવી ગઈ. આમ તો દિવાળીનો તહેવાર વેપારીઓ માટે ધંધાની સીઝન ગણાય છે પરંતુ આ વર્ષની દિવાળી શહેરના મધ્યમ અને નાના વેપારીઓ માટે વેપારી ધંધાની દૃષ્ટિએ અપેક્ષામાં ઉણી ઉતરી હોવાનું જણાય છે. દિવાળીની સીઝન જાણે ધંધામાં તેજી લાવી ચહેરા પર સ્મિત રેલાવવાને બદલે ઠંડા વેપારના કારણે મોઢું કટાણું કરી ગઈ હોવાનું કેટલાક વેપારીઓનું માનવું છે. વળી, નાગરિકોના દિવાળીમાં હરવા ફરવા જવાના અત્યંત વધેલા ચલણે પણ ખરીદીના બજેટને ટૂંકા કરી દીધા છે.

આ વર્ષે દિવાળીના તહેવારો પ્રારંભ થવાના છેલ્લા બે ત્રણ દિવસ બાકી હતા ત્યાં સુધી તો બજારમાં ઘરાકી ખુલી નહોતી. વળી, દિવાળી મહિનાની અંતિમ તારીખોમાં હોવાથી છેલ્લી ઘડી સુધી



કર્મચારીઓના પગાર અંગે અવઢવ રહી હતી આ કારણે બજારમાં જે પણ ઘરાકી ખુલી તે છેલ્લા દિવસોમાં જ જોવા મળી હતી. એક તરફ 'ઓનલાઈન' ઈ-કોમર્સ વેપારના કારણે પણ પરંપરાગત વેપાર ધંધાને મોટી અસર પડી જ રહી છે અને વધુને વધુ ગ્રાહકો ખાસ કરીને યુવાપેઢી ઓનલાઈન ખરીદી તરફ વળી રહી છે. જેના કારણે બજારમાં મંદીની અસર વર્તાતી જ હતી. થોડા વર્ષ પૂર્વે ભારતીય બજારોમાં 'સુપર મૉલ' કલ્ચર આરંભાયું ત્યારથી પરંપરાગત વેપાર ધંધાને સબળ હરિફાઈનો સામનો કરવો પડી રહ્યો છે અને તેમાં મધ્યમ તથા નાના વેપારીઓને ટકવું પણ અઘરું પડી રહ્યું હતું તેવામાં 'પડતા પર પાટુ'ની જેમ 'ઓનલાઈન' ઈ-કોમર્સના વધેલા વ્યાપે હુમલો કર્યો છે. વળી, દિવસે ના વધે તેટલી રાત્રે અને રાત્રે ન વધે તેટલી દિવસે એમ રાજાની કુંવરીની જેમ સતત વધતી મોંઘવારી પણ મધ્યમ વર્ગીય ગ્રાહકોની ખરીદ શકિત પર ગંભીર અસરો પહોંચાડી રહી છે. મોંઘવારીના કારણે લગભગ તમામ તહેવારોની ચમક ઝાંખી પડી રહી છે જેમાં સૌથી મુખ્ય દિવાળીનો તહેવાર છે.

આ વર્ષે દિવાળી બાદ નજીકમાં લગ્નસરાની સીઝન આવી રહી હોવાથી વેપારીઓને એવી અપેક્ષા હતી કે સારી ઘરાકી મળી રહેશે પરંતુ એથી ઉલ્ટુ એ જોવા મળી રહ્યું છે કે મધ્યમ વર્ગીય ગ્રાહકોએ આવનાર લગ્ન સીઝનના ખર્ચના આયોજનનો પગલે દિવાળીમાં તહેવારની ખરીદી પર કાપ મુકયો હતો. ગાંધીનગરમાં કપડાં, પગરખાં, ઈલેકટ્રોનિકસ, ફર્નિચર, કન્ઝયુમર ગુડસ, ફટાકડાં, મીઠાઈ-ફરસાણ, ઘર સજાવટ તથા ગીફટ આર્ટિકલ્સ વગેરે ચીજવસ્તુઓના મોટા શોરૂમ કે સુપરમૉલ સિવાય મધ્યમ અને નાના કદના વેપારીઓને માત્ર ત્રણ ચાર દિવસની ઘરાકી થકી જ સીઝનનો સંતોષ માનવો પડયો હતો. દિવાળીમાં મોટી ઘરાકીની આશાએ આ વેપારીઓએ માલનો સ્ટોક પણ સારા પ્રમાણમાં રાખ્યો હતો જમાંથી હજુ પણ ઘણો બધો સ્ટોક જેમનો તેમ પડયો છે તેના કારણે દિવાળીની સીઝન માટે કરેલા રોકાણની કદાચ મુડી હાથમાં આવી ગઈ પરંતુ કમાણી કે નફો વધેલા સ્ટોકમાં જ રહી જવા પામ્યો છે. આ પરિસ્થિતિમાં આ વેપારીઓનુ મોઢું નવા વર્ષે જ કટાણું થઆ ગયેલું જોવા મળી રહ્યું છે.

## ચિરવિદાય

- સ્વ. પટેલ રોહિતભાઈ જોઈતારામ, ઉ.વ. ૩૮
- સ્વ. પંચાલ કાલીદાસ ચુનીલાલ, ઉ.વ. ૭૩
- સ્વ. વેચાતજી શનાજી ચૌહાણ, ઉ.વ. ૬૧
- સ્વ. ઈન્દ્રવદન જયંતિલાલ શુકલ, ઉ.વ. ૭૩
- સ્વ. અક્ષયકુમાર વિનોદભાઈ પટેલ, ઉ.વ. ૧૮
- સ્વ. મકવાણા લખમણજી જેસંગજી, ઉ.વ. ૮૦